સદા સદાચાર સુશીલ શૌર્યની, ઘરેઘરે વાત થતી રહે જ્યાં, સંતાન એવા શૂરવીર પાકે, બની રહે તે શણગાર દેશનાં
- મુનિ પદ્મસૂરિજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૭ | ૮ સપ્ટેમ્બર, ૨૦૧૪, સોમવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ભાટ પાસે નદીમાં પાંચ ડુબ્યા : ત્રણના મોત

**ગણેશ વિસર્જનમાં આ વર્ષે પણ શોકનો માહોલ છવાયો : વિસર્જનના ઉન્માદમાં ડુબેલા અમદાવાદના પાંચ ગણેશ ભક્તો પૈકી એકનો આબાદ બચાવ : ૩ ના મૃતદેહ મળ્યા : પાણીમાં હજુ એક યુવાનની શોધખોળ માટે ફાયરબ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે : દુર્ઘટનાને પગલે જિલ્લાના અન્ય વિસર્જનના સ્થળો પર તાત્કાલિક ધોરણે પોલીસ અને ફાયબ્રિગેડનો બંદોબસ્ત ગોઠવી દેવાયો**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક ભાટ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન માટે ગાંધીનગર તથા અમદાવાદના વિવિધ સ્થળોએથી હજારો ગણેશ ભક્તો આવ્યા હતા. અલગ-અલગ ગૃપ પૈકી અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના જગતપુર, છારોડી વિસ્તારના એક ગૃપના પાંચ યુવાન ભક્તો વિસર્જનના ઉન્માદમાં નદીના પાણીમાં ડુબી ગયા હતા. જેમાં એક ને બચાવી લેવામાં આવ્યો હતો જ્યારે ત્રણના મૃતદેહ મળ્યા છે અને એકની શોધખોળ ચાલી રહી છે. ગણેશ વિસર્જન વખતે બનેલા આ બનાવથી સન્નાટો મચી જવા પામ્યો હતો અને શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ગણેશ વિસર્જન માટે તંત્ર દ્વારા કોઈ ચોક્કસ સ્થળ નક્કી ન કરી દર વર્ષે કરવામાં આવતી બેદરકારી તથા યુવાન ભક્તોનો વિસર્જન દરમ્યાનનો ઉન્માદ આ પ્રકારની ગંભીર દુર્ઘટના સર્જે છે. ગત વર્ષે પણ વિસર્જન વખતે ગાંધીનગર જિલ્લાના કરાઈ તથા અંબોડ વિસ્તારમાં નદીમાં પાંચ ભક્તો ડુબી ગયાની દુર્ઘટના સર્જાઈ હતી. આ વખતે પણ પાંચ ડુબ્યાની ઘટના પ્રકાશમાં આવી છે. કોટેશ્વર, કરાઈ,

● અનુસંધાન પાન-૭ પર



સલોણી સંધ્યા - સંધ્યાકાળનો આપણી સંસ્કૃતિમાં ભારે મહિમા છે... દિવસનો અંત અને રાત્રીની શરૂઆત એટલે સંધ્યા... સૂર્યની વિદાય વખતે સર્જાતા અવનવા રંગો કુદરતની અનોખી કમાલની અનુભૂતિ કરાવે છે... કેવા અદ્દભૂત રંગોની છાયાઓ છે... રંગોનું મિશ્રણ છે... અને કેવું અદ્દભૂત અલૌકિક વાતાવરણ અનુભવાય છે... એ તો દસ મિનિટ આકાશ સામે ટરગ-ટગર જોઈ રહેવાની દૃષ્ટિ અને સમય હોય તો જ અનુભવાય... પ્રકૃતિની લીલાને નિહાળવા માટે અંદરનો ઉજાસ અનિવાર્ય છે... ચાલો પુનઃ પ્રકૃતિ તરફ પાછા વળીએ.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

## એન.એ.બી.એચ.ના સર્વેલન્સની વૈતરણી પાર કરતી ગાંધીનગર સીવિલ

**૨૦૧૫ સુધી પ્રમાણપત્ર ચાલુ રહેશે તેવા સ્પષ્ટ સંકેતોને લઈ તંત્રમાં ખુશી : ૩૦થી વધુ ત્રુટીઓ રજુ થઈ**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવીલ હોસ્પિટલને એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર સપ્ટેમ્બર ૨૦૧૫ સુધીનું યથાવત રહેશે.

એન.એ.બી.એચ.ની સર્વેલન્સ ટીમ દ્વારા છેલ્લા બે દિવસથી ગાંધીનગર સિવીલ હોસ્પિટલના ચાલી રહેલા ઈન્સ્પેકશનના અંતે ટીમે ૩૦ જેટલી ત્રુટીઓ શોધી કાઢી હતી અને તે અંગે સ્પષ્ટતાઓ રજુ કરવા સિવીલ સત્તાવાળાઓને કહ્યું છે.

આજે સવારે સિવીલના વિવિધ વિભાગોના વડાઓ સાથે ટીમે એક બેઠક યોજી હતી. જેમાં ઘણી બધી મોકળા મને વાતો થઈ હતી. ખાતાના વડાઓને જ સીધું માર્ગદર્શન વોર્ડમાં આપવા તેમજ વોર્ડની સેવાઓના સઘનીકરણમાં રસ લેવા માટે ટીમે સૂચવ્યું હતું.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ મેડિકલ કોલેજ સાથે સંલગ્ન હોવાથી તેની પાસેથી મળતી સેવાઓમાં આધુનિકતાનું સુયોગ્ય સંકલન થાય તેવો આગ્રહ પણ આ ટીમના સભ્યોએ રાખ્યો હતો.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ એ પ્રથમ સરરકારી હોસ્પિટલ છે જે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવે છે એટલું જ નહિ તેની સાથે મેડીકલ કોલેજ પણ સંલગ્ન છે.

સર્વેન્સ ટીમે ગઈ કાલે વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. આજે વિભાગોના વડાઓની બેઠકમાં હાજરી આપવા જતા પૂર્વે પણ ટીમે આઈસીસીયુ વોર્ડની મુલાકાત લીધી હતી અને એક બે મુદ્દાઓને લઈ સત્તાવાળાઓ સામે સપ્ન નારાજગી વ્યકત કરી હોવાનું જાવા મળેલ છે.

જો કે સર્વેલન્સ ટીમના સભ્યોએ તેમના સર્વેલન્સમાં વ્યવસ્થાપનને લઈ સંતોષ વ્યકત કર્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૧૫ સુધી પ્રમાણપત્ર ચાલુ રહેશે તેવો સંકેત પણ આપી દીધો હતો.







(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શ્રદ્ધાનું ઘોડાપુર - ભાદરવી પૂનમના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો છે... પાંચ દિવસના મેળામાં ત્રીજા દિવસે સાડા પાંચ લાખથી વધુ ભાવિકો મા-આદ્યશક્તિના ચરણે શીશ નમાવવા પહોંચ્યા હતા. અંબાજીમાં પદયાત્રીઓ હકડેઠઠ છે... દિવસ અને રાત બોલ મારી અંબે જયજય અંબેના જયઘોષોથી અંબાજીનું ગગન ગાજી રહ્યું છે... ગુજરાતભરમાંથી પદયાત્રીઓ માતાજીના દર્શને ઉમટ્યા છે... માનવ મહેરામણ જોતા સ્વાભાવિક જ લાગે કે, આખા ગુજરાતની શ્રદ્ધા આજકાલ અંબાજીમાં ઠલવાઈ છે... જય અંબે...

# આજે દહેગામમાં લોક સંવાદ સેતુ યોજાશે

**પ્રભારી મંત્રી નિતીન પટેલ તથા પ્રભારી સચિવ શ્રી ડાગુર સહિત જિલ્લાના અધિકારીઓ તાલુકાના પ્રશ્નો સાંભળશે**

ગાંધીનગર, તા.૭

આજે દહેગામ સેવા સદન ખાતે રાજય સરકારનો પ્રજા લક્ષી કાર્યક્રમ લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નીતિન પટેલ, પ્રભારી સચિવશ્રી એમ.એસ. ડાગુર સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે.

ગાંધીનગર જિલ્લાનો પ્રથમ સંવાદ સેતુ કાર્યક્રમ હોવાથી તંત્રમાં પણ ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે. આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ૨૦થી વધુ વિભાગોને સાંકળતા પ૨થી વધુ પ્રશ્નો રજુ થયા છે.

આ પ્રશ્નો અંગે વિશદ્ ચર્ચા કરી અને તેના ઉકેલ આપવામાં આવનાર છે. જિલ્લામાં દહેગામ તાલુકાના આ પ્રશ્નો છે. આ પ્રશ્નોના ઉત્તરો માટે તંત્ર છેલ્લા બે દિવસથી તૈયારીમાં વ્યસ્ત બન્યું છે.

પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ છેલ્લા એક પખવાડિયામાં બીજી વાર દહેગામ જઈ રહ્યા છે. અગાઉ તેઓ સેવા સદનના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા.

લોક સંવાદમાં પ્રજાને મુકતમને પ્રશ્નો રજુ કરવાની મંજૂરી અપાતી હોય છે. નીતિ વિષયક બાબતોની ચર્ચા આ કાર્યક્રમમાં થનાર છે. રાજયના કેટલાક જિલ્લાઓમાં આવો કાર્યક્રમ થઈ ચુકયો છે.

આ કાર્યક્રમ બાદ જિલ્લાના અન્ય તાલુકામાં પણ આવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. એક જ તાલુકામાંથી પ૦થી વધુ પ્રશ્નો આવતાં તંત્ર પણ ચોંકી ઉઠયું છે. જો કે પ્રશ્નો વહીવટીય વધુ હોવાનું જાણવા મળેલ છે. કર્મચારીઓની ઘટ અન તંત્રના ઉદાસીન વલણ તેમજ તાલુકાને અન્યાય કરાતો હોવાના પ્રશ્નો પણ રજુ થયા હોવાનું જાણવા મળેલ છે.

## પેટા ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસે એડીચોટીનું જોર લગાવ્યું

ગાંધીનગર, તા. ૭

પેટા ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે અને પેટા ચૂંટણી જંગ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

ગુજરાતની એક લોકસભા બેઠક અને વિધાનસભાની નવ બેઠકોની પેટા ચૂંટણી આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાનારી છે. ત્યારે આ તમામ બેઠકો પરની પેટા ચૂંટણીઓ જિતવા માટે ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું છે.

પેટા ચૂંટણીના પ્રચાર માટે ભાજપે પ્રદેશ આગેવાનો ઉપરાંત મંત્રીઓ સાંસદો અને ધારાસભ્યોને જિલ્લા અને તાલુકા પંચાયત બેઠક જવાબદારીઓ સોંપીને ચૂંટણી પ્રચારના કામે લગાડી દેતા ચૂંટણી પ્રચાર પરાકાષ્ટાએ પહોંચ્યા છે.


● અનુસંધાન પાન-૭ પર






## NEWS નિરસ

### ● આપઘાતમાં ભારત મોખરે



ભારત એ વિશ્વનું આત્મહત્યાનું પાટનગર જેવો દેશ બની ગયો છે. વિશ્વમાં સૌથી વધુ આત્મહત્યા ભારતમાં થાય છે. ભારતમાં દર ૧ લાખમાં ૨૧.૧ ટકા લોકો આત્મહત્યા કરે છે. જે તેને વિશ્વમાં નંબર વનનું સ્થાન અપાવે છે. યુવાનો અને મધ્યમવર્ગીય પરિવારના લોકો વધુ આત્મહત્યા કરતા હોવાનું તારણ નીકળ્યું છે.

### ● સ્મૃતિ ઈરાની અમેઠીને પોતાનું રાજકીય ક્ષેત્ર બનાવશે



કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની ભલે અમેઠીમાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની સામે લોકસભાની ચૂંટણીમાં હારી ગયા હોય પરંતુ તેમનો આ વિસ્તારોને છોડવાનો કોઈ ઈરાદો નથી. તેઓ તેણે પોતાનું રાજકીય ઘર માનીને લોક કલ્યાણના કામો કરવાની ઈચ્છા છે. ભાજપના જિલ્લા પ્રમુખ દયાશંકર યાદવે જણાવ્યું હતું કે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અમેઠીની ચારે બાજુ વિકાસ યોજનાઓ ઘડી રહ્યા છે. ઘણા વર્ષોથી અમેઠી વીઆઈપી વિસ્તાર હોવા છતાં હજુ પછાત જ રહ્યું છે. સ્મૃતિ ઈરાની અમેઠીની આ તસ્વીર બદલવા માંગે છે. અમેઠીની પ્રજાને હવે તેના જુના લોક પ્રતિનિધિમાં વિશ્વાસ ઉઠી ગયો છે. પ્રજા હવે ત્યાં પરિવર્તન ઝંખી રહી છે.

### ● સરકારી કર્મચારીઓએ હવે ઓનલાઈન રજા લેવી પડશે



સરકારી બાબુઓને મોદી સરકારે બરાબર કામ કરતા કરી દીધા છે. સરકારી બાબુઓની રજા બાબતે હવે મોદી સરકારે કડક પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. કર્મચારીઓ હવે ઉપલા અધિકારીઓને 'સાચવીને' કે સાથી કર્મચારીને મોઢા બોલી રજાનુ કહીને ગુટલી નહી મારી શકે. કર્મચારીઓને હવે રજાની મંજુરી ઓનલાઈન લેવી પડશે.